કેટલીક બેઠકો પર ભાજપ-આપ વચ્ચે તો કેટલીક બેઠકો પર ભાજપ-કોંગ્રેસ તો કેટલીક બેઠકો પર ત્રિપાંખિયો જંગ થશે

વલસાડ જિ.પં.ની 3, તા.પં.ની 7 બેઠક પર ભાજપ બિનહરીફ

જિલ્લા પંચાયતની 34 અને તાલુકા પંચાયતની 25 બેઠક માટે જ ચૂંટણી જંગ થશે

વલસાડ તાલુકા પંચાયતની 25 બેઠક પર જ ચૂંટણી જંગ થશે

વલસાડ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ હતો. છેલ્લા દિવસે જિલ્લા પંચાયતના 6 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે. જેને લઇ ભાજપે જિલ્લા પંચાયતની 3 બેઠકો અને તાલુકા પંચાયતની 7 બેઠકો ચૂંટણી પહેલાં જ બિનહરીફ રીતે કબજે કરી છે. જ્યારે કેટલીક બેઠકો પર ભાજપ અને આપ વચ્ચે તો કેટલીક બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે તો કેટલીક બેઠકો પર ત્રિપાંખિયો જંગ થશે.

વલસાડ જિલ્લા પંચાયતની બેઠકો પર નજર કરીએ તો, વલસાડ ભાજપે જિલ્લા પંચાયતની મહત્વની એવી કોસંબાની બેઠક પર હેતલબેન જીતેશ પટેલે બિનહરીફ જીત હાંસલ કરી છે. જો ભાજપ બહુમતીથી ચૂંટણી જીતે તો આગામી પ્રમુખ પણ હેતલબેન બને એવા સ્પષ્ટ સંકેત છે. કારણકે, કોસંબાની બેઠક ઓબીસી મહિલાની અને પ્રમુખ પદ પણ ઓબીસી મહિલાનું હોય તેઓ મજબૂત દાવેદાર મનાઇ રહ્યા છે. આ સિવાય ભાજપના નાનકવાડા બેઠકના ઉમેદવાર પાર્થ પ્રભાતભાઇ પટેલ અને દાંતી કકવાડીના ઉમેદવાર મુકેશ ઝીણાભાઇ પટેલ પણ બિન હરીફ ચૂંટાઇ આવ્યા છે.

વલસાડ તાલુકા પંચાયતની વાત કરીએ તો તેની કુલ 32 બેઠકો પૈકીની 7 બેઠકો બિનહરીફ થઇ છે. જેના કારણે હવે 25 બેઠકો પર જ ચૂંટણી જંગ થશે. જેને લઇ વલસાડ તાલુકા પંચાયતની ચૂંટણી હાલ એક તરફી દેખાઇ રહી છે.

વલસાડ જિલ્લા પંચાયતની બેઠકો અને હરીફ ઉમેદવારો

બેઠકો	ભાજપના ઉમેદવાર	કોંગ્રેસના ઉમેદવાર	આપના ઉમેદવાર	અપક્ષ
આંબાતલાટ	પ્રતાપ પટેલ	રાહુલ પટેલ	શંકર ગવળી	- - -
આસલોણા	સીતારામ માહદુભાઇ	સુરેશ કામડી	- - -	- - -
અંભેટી	મિતેશ પટેલ	રાજ પટેલ	ચંદુ પટેલ	- - -
અટગામ	હેમલતા પટેલ	જયશ્રી પટેલ	તારા નાયકા	- - -
આવધા	અનિલા જોગારી	સુંદરી પાડવી	- - -	- - -
બામટી	પ્રતિક પટેલ	રાજેશ પટેલ	નિલેશ માહલા	નિમેશ પટેલ
ચણવઇ	મનિષ પટેલ	નિર્મલ પટેલ	જયેશ પટેલ	- - -
ડહેલી	શૈલેષ પટેલ	જયેશ બરફ	- - -	સુરેશ વાડુ
ડુંગરી	પ્રીતી દેસાઇ	પ્રણામી પટેલ	દિપ્તી ગોહીલ	- - -
ફણસા	રામદાસ વરઠા	- - -	જીતેશ હળપતિ	ચિંતુભાઇ હળપતિ
હનુમતમાળ	મણીલાલ ગાંવિત	રાકેશ ભોયા	મણીલાલ ચૌધરી	- - -
કકવાડી દાંતી	મુકેશ પટેલ	- - -	- - -	- - -
કપરાડા	દક્ષા ગાયકવાડ	કાંતા ચૌધરી	મનકી ભોયા	- - -
ખતલવાડા	ભાવીની માછી	અનિતા માછી	- - -	- - -
કોસંબા	હેતલ પટેલે	- - -	- - -	- - -
માકબન	નિર્મળા જાદવ	હિના દિવા	ભાવના કુરકુટીયા	- - -
માંડવા	તૃપ્તી ધનારિયા	સુમન ભોયા	ઉર્મીલા ઠાકરિયા	- - -
મરોલી	નવીન હળપતિ	- - -	- - -	મહેન્દ્ર હળપતિ
મેઘવાળ	ભગવાનભાઇ બાંતરી	સવિતા ગાંગડા	મનેશ ભાવર	- - -
મોહનગામ	રેશ્મા પટેલ	શીલા પટેલ	- - -	- - -
મોટાપોંઢા	અરવિંદ પટેલ	નિલેશ આહીર	હફીજમીયા શેખ	- - -
નનકવાડા	પાર્થ પટેલ	- - -	- - -	- - -
નાનાપોંઢા	દક્ષા ચૌધરી	કલ્પના પટેલ	હંસાબે પટેલ	- - -
પારડીસાંઢપોર	સ્નેહલ પટેલ	- - -	અંકિત પટેલ	- - -
પરિયા	અદિતી પટેલ	જયશ્રી પટેલ	પદ્મા પટેલ	- - -
પારનેરા	જય ત્રિવેદી	પ્રકાશ પટેલ	દિનુ નાયક	- - -
સંજાણ	નરેશ પરમાર	ગોદરેજ પંથકી	મિન્ટુ જેસવાર	પિનલ પટેલ
સરીગામ	વિનિતા રાય	મયુરી પટેલ	અનિસ્તા ચૌહાણ	નુતન ભંડારી
સિલ્ધા	હીરા માહલા	જશોદા જાદવ	વૈશાલી શાળવે	- - -
સોળસુંબા	વંદના માહ્યાવંશી	રીટા સુરતી	- - -	શીતલ માહ્યાવંશી
સુખેશ	નરેશ પટેલ	રમેશ પટેલ	ધર્મેન્દ્ર પટેલ	- - -
તીસ્કરી તલાટ	ઉર્મીલા બિરારી	ઉર્મીલા અટારા	ટીનુ માહલા	- - -
ટુકવાડા	સોનલ પટેલ	જયા પટેલ	- - -	- - -
ઉમરસાડી	પ્રજ્ઞેશ પટેલ	નવીન પટેલ	દેવાંગ ભંડારી	- - -
વડોલી	રેણુકા ઉદાર	રમા હીલીમ	- - -	- - -
વાંકલ	જીજ્ઞા પટેલ	કૌશિકા પટેલ	રમિલા પટેલ	- - -

વલસાડ તા.પં.ના ભાજપના બિનહરીફ સભ્યો

- ભદેલી જગાલાલા - હસુમતીબેન ટંડેલ
- ભાગડાવડા - શિવાંગી પટેલ
- જુજવા - ધર્મેશ પટેલ
- કકવાડી દાંતી - જયશ્રી ટંડેલ
- કોસંબા 1 - મમતા હળપતિ
- કોસંબા 2 - સ્વીટી પટેલ
- માલવણ - ધ્રુવી પટેલ

કોંગ્રેસ અને આપના અનેક ઉમેદવારો ફૂટી ગયા

વલસાડ જિલ્લાની અનેક ચૂંટણીમાં આપના અને કોંગ્રેસના ઉમેદવારો ફૂટી ગયા હોવાની વ્યાપક ચર્ચા ચાલી રહી છે. આપના ઉમેદવારો નવા-નવા હોય અને તેમને રાજકારણનો બહોળો અનુભવ ન હોય તેમની સાથે બનેલી ઘટના સમજી શકાય છે, પરંતુ કોંગ્રેસ જેવી જૂની પાર્ટી પણ પોતાના ઉમેદવારોને સાચવી ન શકી એ ખૂબ જ નવાઇ પમાડે એવી વાત છે. જેને લઇ આ ચૂંટણી કોંગ્રેસે પણ સામે ચાલીને ભાજપને આપી દીધી હોય એવી અનુભૂતિ થઇ રહી છે. કોંગ્રેસ પ્રમુખ કિસન પટેલ આ ચૂંટણીમાં સદંતર નિષ્ફળ નિવડ્યા હોવાનું જોવા મળી રહ્યું છે.

વાપી મનપામાં ભાજપે વોર્ડ નં.૭ની બેઠક બિનહરીફ જીતી ખાતું ખોલાવ્યું

ઉમેદવારીપત્ર ખેંચવાના છેલ્લા દિવસે આઠ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યા

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી રોમાંચક બની રહી છે. ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે આઠ ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચતા હવે ચૂંટણી વધુ રોચક બની છે. વોર્ડ નં.૭માં ભાજપના ધરમકુમાર કાંતિલાલ પટેલ પછાત વર્ગ પુરુષની બેઠક ઉપર બિનહરીફ વિજેતા થતાં ભાજપે આ ચૂંટણીમાં ખાતું ખોલાવ્યું છે. હવે 51 બેઠકો ઉપર ચૂંટણી થશે જેમાં ભાજપ 51 બેઠકો પર ચૂંટણી લડી રહયું છે. જ્યારે 50 બેઠકો ઉપર ચૂંટણી લડી રહયું છે. આમ આદમી પાર્ટી 8 બેઠકો ઉપર ચૂંટણી લડી રહ્યું છે. જ્યારે 7 બેઠકો ઉપર અપક્ષ ઉમેદવારો તેમજ આદિવાસી સેના પાર્ટીના 4 ઉમેદવારો મેદાનમાં છે. ૨૬ એપ્રિલે મતદાનની તારીખ છે. આમ હાલમાં 120 ઉમેદવારો મેદાનમાં છે. જોકે આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય મુકાબલો છે. તેથી બંને પાર્ટી પૂરજોશમાં ચૂંટણી પ્રચારમાં જોડાઈ ગઈ છે. ભાજપ માટે એક બેઠક બિનહરીફ થઈ તેથી ભાજપે આ ચૂંટણીમાં એક બેઠકથી શ્રીગણેશ કર્યા હોવાથી તેમનું મનોબળ વધી ગયું છે. છતાં કેટલાક વોર્ડમાં કોંગ્રેસના ઉમેદવારો અને ભાજપના ઉમેદવારો વચ્ચે રસાકસીનો જંગ છે. જોઈએ હવે ચૂંટણી પ્રચાર પછી ચિત્ર કેવું બદલાય છે.

આ વોર્ડમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણીમાં વોર્ડ નં. 5,7,10,11 ભાજપ અને કોંગ્રેસનો સીધો મુકાબલો છે. જ્યારે અન્ય વોર્ડમાં અપક્ષ તેમજ આપના ઉમેદવારો પણ છે. સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં.૧૨માં છે. અહીં ૧૨ ઉમેદવારો છે. જ્યારે સૌથી ઓછો ઉમેદવારો વોર્ડ નં.૭માં છે. અહીં ભાજપના એક ઉમેદવાર બિનહરીફ થયા બાદ હવે કોંગ્રેસ-ભાજપના છ ઉમેદવારો મેદાનમાં છે.

મનપાની ચૂંટણીમાં વોર્ડ પ્રમાણે પ્રતિસ્પર્ધી ઉમેદવારો

વોર્ડ નં. 1

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
અનિલ હળપતિ	આપ	અનુ.આદિજાતિ
ઉન્નતિ પટેલ	ભાજપ	સામાન્ય સ્ત્રી
ચિરાગ પટેલ	કોંગ્રેસ	અનુ. આદિજાતિ
પુનમ પટેલ	કોંગ્રેસ	પછાતવર્ગ સ્ત્રી
ફાલ્ગુની માહ્યાવંશી	કોંગ્રેસ	અનુ. સ્ત્રી
ભુમિકા પટેલ	ભાજપ	પછાતવર્ગ સ્ત્રી
મયુર પટેલ (મનુ)	ભાજપ	અનુ. આદિજાતિ
મહેરુન્નિશા સુલેમાન	આપ	સામાન્ય સ્ત્રી
મહેશ શાહ	કોંગ્રેસ	સામાન્ય
સંદીપ પટેલ (સુકો)	ભાજપ	સામાન્ય

વાર્ડ નં. 2

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
ઉષા ઢોલરીયા	ભાજપ	સામાન્ય સ્ત્રી
અંજના પટેલ	ભાજપ	અનુ. સ્ત્રી
કૌશિક પટેલ	ભાજપ	સામાન્ય
ભાવિક પટેલ	કોંગ્રેસ	પછાત
મેહુલ મકવાણા	કોંગ્રેસ	પછાત
યોગેશ પટેલ	ભાજપ	પછાત
રિકલ આહિર	કોંગ્રેસ	પછાત સ્ત્રી
વિશાલ સિંહ	આપ	સામાન્ય
સરલા પટેલ	કોંગ્રેસ	અનુ. સ્ત્રી

વાર્ડ નં. 3

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
અરૂણા દેસાઇ	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી
દક્ષા હળપતિ	ભાજપ	અનુ.આદિજાતી સ્ત્રી
નેહલતા યાદવ	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી
મહમદ મિર્ઝા	કોંગ્રેસ	સામાન્ય
વિજય પટેલ (પીન્ટુ)	ભાજપ	પછાત વર્ગ
વિજય ગૃપ્તા	કોંગ્રેસ	પછાત વર્ગ
શમસુદિન ચૌધરી	ભાજપ	સામાન્ય
સુનિતા તિવારી	ભાજપ	સામાન્ય સ્ત્રી
છાંગુર યાદવ	અપક્ષ	સામાન્ય

વાર્ડ નં. 4

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
કૃપાલી પટેલ	કોંગ્રેસ	અનુ. સ્ત્રી
ચામી વશી	ભાજપ	સામાન્ય સ્ત્રી
દર્પણ દેસાઇ	ભાજપ	સામાન્ય
દક્ષા પટેલ	ભાજપ	પછાત વર્ગ સ્ત્રી
દેવેન્દ્ર પટેલ	ભાજપ	અનુ. આદિજાતી
મનોજ પટેલ	કોંગ્રેસ	અનુ. આદિજાતી
વિનોદ પટેલ	કોંગ્રેસ	સામાન્ય
હિમીતા પટેલ	કોંગ્રેસ	પછાત વર્ગ સ્ત્રી
મેહુલ પટેલ	અપક્ષ	સામાન્ય

વાર્ડ નં. 5

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
કવિતા દુધૈયા	ભાજપ	પછાત મહિલા
દેવલ દેસાઈ	ભાજપ	સામાન્ય મહિલા
મોહમ્મદફારૂક	કોંગ્રેસ	પછાત મહિલા
રાગીની ઠાકુર	કોંગ્રેસ	સામાન્ય મહિલા
રીતેશ ભાનુશાલી	કોંગ્રેસ	સામાન્ય
શશાંક મિશ્રા	કોંગ્રેસ	સામાન્ય
સતિષ પટેલ	ભાજપ	સામાન્ય
સજ્ની પટેલ	ભાજપ	સામાન્ય | કમળ

વાર્ડ નં. 6

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
કેતન પટેલ	કોંગ્રેસ	અનુ.આદિજાતિ
જયમીત જયસ્વાલ	કોંગ્રેસ	સામાન્ય
સુલતાને તસ્લીમ	ભાજપ	સામાન્ય મહિલા
ધર્મેશ પટેલ	ભાજપ	સામાન્ય
નાસિતઆબાન હિરાણી	કોંગ્રેસ	સામાન્ય મહિલા
નંદાબેન પટેલ	કોંગ્રેસ	પછાતવર્ગ મહિલા
ભવલેશ કોટડીયા	ભાજપ	સામાન્ય
મિત્તલ નંદાણીયા	ભાજપ	પછાતવર્ગ મહિલા
મંગ્લેશ સીંગ	આપ	સામાન્ય
રાખી તોમર	આપ	સામાન્ય મહિલા

વાર્ડ નં. 7

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
ખુશ્બુ નાયકા	ભાજપ	અનુ. મહિલા
જયેશ કંસારા	ભાજપ	સામાન્ય
જીગેશ નાયકા	કોંગ્રેસ	અનુ. આદિજાતિ
પૂજા પટેલ	કોંગ્રેસ	અનુ. મહિલા
મનીષા દાયમા	ભાજપ	સામાન્ય મહિલા
રીન્કુ નાયકા	કોંગ્રેસ	અનુ. મહિલા

વાર્ડ નં. 8

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
જગન પટેલ	કોંગ્રેસ	અનુ. આદિજાતિ
નિમીષા પ્રજાપતિ	કોંગ્રેસ	પછાતવર્ગ મહિલા
નેહલ નાયક	ભાજપ	સામાન્ય મહિલા
પ્રિયંકા કહાર	ભાજપ	પછાતવર્ગ મહિલા
બિમલ શાહ	ભાજપ	સામાન્ય
રણજીત સગર	આપ	અનુ. આદિજાતિ
રણજીત પટેલ	ભાજપ	અનુ. આદિજાતિ
વરૂણ સિંગ	કોંગ્રેસ	સામાન્ય
શીતલ સોલંકી	આપ	સામાન્ય મહિલા
શૈલ શાહ	કોંગ્રેસ	સામાન્ય મહિલા
આફતાબ ગટાક	અપક્ષ	પછાતવર્ગ

વાર્ડ નં. 9

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
અલ્પેશ કાપડિયા	ભાજપ	સામાન્ય
અસ્મિતા પટેલ	ભાજપ	સામાન્ય સ્ત્રી
દીપક સોલંકી	કોંગ્રેસ	સામાન્ય
નિધિ ભાનુશાલી	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી
પુષ્પા વાઘેલા	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી
મિતેશ દેસાઈ	ભાજપ	સામાન્ય
મુકેશ મકવાણા	કોંગ્રેસ	પછાતવર્ગ
રક્ષિત ગોહિલ	ભાજપ	પછાતવર્ગ
રીટા પટેલ	ભાજપ	સામાન્ય સ્ત્રી

વાર્ડ નં. 10

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
અંજના પટેલ	ભાજપ	સામાન્ય સ્ત્રી
આશિષ પટેલ	ભાજપ	સામાન્ય
કિરણ પટેલ	કોંગ્રેસ	સામાન્ય
દિલીપ પટેલ	ભાજપ	સામાન્ય
નિલેશ પટેલ	કોંગ્રેસ	પછાતવર્ગ
મનિષા પટેલ	કોંગ્રેસ	અનુ. સ્ત્રી
મનિષા પટેલ	ભાજપ	અનુ. સ્ત્રી
રેખા પટેલ	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી

વાર્ડ નં. 11

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
આકાશ ભાનુશાલી	ભાજપ	પછાતવર્ગ
ઉત્કર્ષ દેશપાંડે	કોંગ્રેસ	સામાન્ય
ક્રિષ્ના દેસાઈ	ભાજપ	સામાન્ય સ્ત્રી
જાગૃતિ પ્રજાપતિ	કોંગ્રેસ	પછાતવર્ગ સ્ત્રી
દિવ્યા ભાનુશાલી	ભાજપ	પછાતવર્ગ સ્ત્રી
ધર્મેશ પંચાલ	કોંગ્રેસ	પછાતવર્ગ
મનજીતસિંહ ઠાકુર	ભાજપ	સામાન્ય
વૈશાલી પ્રજાપતિ	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી

વાર્ડ નં. 12

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
આનંદ ભીંડે	ભાજપ	સામાન્ય
જ્યોત્સના પરમાર	કોંગ્રેસ	પછાતવર્ગ સ્ત્રી
તૃપ્તિ શાહ	ભાજપ	સામાન્ય સ્ત્રી
દેવાંગ શાહ	કોંગ્રેસ	સામાન્ય
નરેન્દ્ર રાણા	કોંગ્રેસ	પછાતવર્ગ
નર્મદા ડોડીયા	ભાજપ	સામાન્ય સ્ત્રી
મોહમ્મદઈરફાન શેખ	ભાજપ	સામાન્ય
સીમા ભટ્ટ કોંગ્રેસ	સામાન્ય	સ્ત્રી

વાર્ડ નં. 13

ઉમેદવારનું નામ	પાર્ટીનું નામ	બેઠકનો પ્રકાર
કિશોર અગ્રવાલ	કોંગ્રેસ	સામાન્ય
પંકજ પટેલ	ભાજપ	પછાતવર્ગ
પન્ના દેસાઈ	ભાજપ	સામાન્ય સ્ત્રી
ભારતી માહ્યાવંશી	ભાજપ	પછાતવર્ગ સ્ત્રી
રામજીરામ યાદવ	ભાજપ	સામાન્ય
વૈશાલી પટેલ	કોંગ્રેસ	સામાન્ય સ્ત્રી
સંતોષ પાંડેય	કોંગ્રેસ	સામાન્ય
સ્મિતા પટેલ	કોંગ્રેસ	પછાતવર્ગ સ્ત્રી

ધરમપુર તા.પં.ની 24 બેઠક માટે 65 તથા જિ.પં.ની 6 બેઠક માટે 28 ફોર્મ માન્ય

ધરમપુર : ધરમપુર તાલુકા પંચાયતની 24 બેઠકો માટે કોંગેસના 24 ભાજપનાં 24 આપના 15 અને બે અપક્ષોના ફોર્મ માન્ય રખાતા કુલ તાલુકા પંચાયતની 24 બેઠકો માટે 65 ઉમેદવારી પત્ર માન્ય રખાયાં હતા. છેલ્લા દિવસે એક પણ ફોર્મ ખેચાયુ નહતું. જેથી આ વખતે કોંગેસ-ભાજપ-આપ સામે ત્રિપાંખીયા જંગ ખેલાશેના એંધાણ વર્તાઈ રહ્યા છે. જ્યારે જિલ્લા પંચાયતની 6 બેઠકો માટે કોંગેસના 10, ભાજપના 12, આપના 5 તથા એક અપક્ષે ઉમેદવારી નોંધાવતા જિલ્લા પંચાયતની 6 બેઠકો માટે કુલ 28 ઉમેદવારી પત્ર માન્ય રખાતા કોંગેસ, ભાજપ, આપ વચ્ચે ખરાખરીનો ચૂંટણી જંગ ખેલાશે. એવાં એંધાણ વર્તાઇ રહ્યા છે.ધરમપુર તાલુકા પંચાયતની બારોલિયા બેઠક પર કોંગેસના કિશોર જાદવ તથા ભાજપના આનંદ બારિયા અને આપના હર્ષદ ગોવિંદ ચૌધરીએ ઉમેદવારી પત્ર ભરતાં છેલ્લે દિવસે આ બેઠક પર એક પણ ફોર્મ નહીં ખેંચાતા ભાજપે આ બેઠક જીતવા માટે લોઢાના ચણા ચાવવા જેવું રહેશે. કારણકે આ બેઠક પર ભાજપનાં માજી સાંસદ મણીલાલ ચૌધરીના ભત્રીજા હર્ષદ ચૌધરીએ આપમાં ઉમેદવારી નોંધાવી હતી. જેના કારણે આ બેઠક પર ભાજપને જીતવા માટે કપરા ચઢાણ છે. જ્યારે જિલ્લા પંચાયતની બામટી બેઠક પર કોંગેસ, ભાજપ, આપ, અપક્ષ વચ્ચે ખરાખરીનો ચૂંટણી જંગ ખેલાશે.

ઉમરગામ પાલિકાની 28માંથી 8 બેઠકો ઉપર ભાજપ બિનહરીફ

હવે 20 બેઠક માટે ભાજપના 20, કોંગ્રેસના 18 અને અન્ય 6 ઉમેદવાર મળીને 44 ઉમેદવાર ચૂંટણી મેદાનમાં

ઉમરગામ : ઉમરગામ પાલિકાની કુલ 7 વોર્ડની 28 બેઠકોમાંથી 8 બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે હવે કુલ 20 બેઠકો માટે ભાજપના 20 ઉમેદવારો કોંગ્રેસના 18 અને અન્ય 6 ઉમેદવારો મળીને કુલ 44 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં પોતાનું કિસ્મત અજમાવી રહ્યા છે.

વોર્ડ નંબર 2 માં ભાજપ અગ્રણી માજી પ્રમુખ સચિન માછી અને તેમના ભાઈ ગૌરવ માછી અને માછી સમાજનો દબદબો જોવા મળ્યો હતો. આ વોર્ડમાં ભાજપના ચારેય ઉમેદવારો રેશમા માછી, ગાયત્રી વસાવાલા, ગૌરવ માછી અને જીગ્નેશ માછી બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. તેવી જ રીતે વોર્ડ નંબર 4 માં ખુશ્બુ જાદવ, યજ્ઞેશ પટેલ અને વોર્ડ નંબર 5 મા કાવેરીબેન તથા ચંદનબેન કામળી ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. ઉમરગામના માજી પ્રમુખ સચિન માછી તથા ટીમના પ્રયાસોથી 8 બેઠક બિનહરીફ મેળવવામાં ભાજપે સફળતા મેળવી છે.

વોર્ડ નંબર 1 માં કુલ આઠ ઉમેદવારો મેદાનમાં છે. કોંગ્રેસમાંથી ઉદિત સુકાની, દાનેશ્વરી રાઠોડ, મનોજ કંસારા અને રોહિણી દુબળા જ્યારે ભાજપમાંથી જયદીપ અક્કેકર, જયશ્રી માછી, વિદિશા માછી, સુશીલ ભરતીયા, વોર્ડ નંબર 3 મા કોંગ્રેસમાંથી આરતી દુબળા, જતીન પટેલ, ધરા ગજ્જર, મનોજ દુબળા તથા ભાજપમાંથી કુર્વી ભંડારી, રત્નપ્રભા યાદવ, રોકી માછી અને હિતેશ યાદવ, વોર્ડ નંબર ચારમાં કોંગ્રેસમાંથી દીપિકા સુરતી, ભાવના પટેલ, ભાજપમાંથી મિત વાઘેલા અને વૈભવી માહ્યાવંશી તથા અન્ય બે અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. વોર્ડ નંબર પાંચમાં ભાજપમાંથી યોગેશ દાંડેકર, રિતેશ બારી અને રમણ માહ્યાવંશી અપક્ષ ઉમેદવાર તથા વોર્ડ નંબર છ માં આપમાંથી દિલશેર ચૌહાણ, રીના પાઠક તથા ભાજપમાંથી નટુભાઈ રાઠોડ, પ્રભાબેન સિંગ, વાસુમતી પટેલ, સુરેશચંદ્ર યાદવ, કોંગ્રેસમાંથી પ્રતિકકુમાર દુબળા, બેચુલાલ યાદવ, મંજુબેન કામળી, શારદાદેવી કનોજીયા અને અન્ય એક અપક્ષ ઉમેદવાર મળીને 11 જણા મેદાનમાં છે. વોર્ડ નંબર સાતમા ભાજપમાંથી અંકુશ દાભોલકર (કામળી), દિપાલી ઠાકુર, રોશની રીતિક અને હિતેશ રાઠોડ તથા કોંગ્રેસમાંથી કાજલ વારલી, દીપક કામળી, મનીષા મધુભાઈ વારલી, રેહાન ખાન ચૂંટણી મેદાનમાં છે.

વાંધા વચકા વચ્ચે સરીગામમાં અપક્ષ ઉમેદવાર રાકેશ રાયનું ઉમેદવારી પત્ર મંજૂર કરાયું

ઉમરગામ : વાંધા વચકા વચ્ચે આખરે ઉમરગામ તા.પ.ની સરીગામ -2 બેઠક પર અપક્ષ ઉમેદવાર રાકેશ રાય અને તેની પત્નીનું ઉમેદવારી પત્ર મંજૂર કરાયું છે. પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકા પંચાયતની સરીગામ -2 બેઠક પર ભાજપ, આમ આદમી પાર્ટી અને અપક્ષ મળી પાંચ પત્રકો ભરાયા હતા. જો કે ભાજપના ઉમેદવાર આધિકૃત વ્યક્તિ દ્વારા અપક્ષ ઉમેદવાર રાકેશ રાય અને તેની પત્ની રાજ્યશ્રી રાયનું ઉમેદવારી ફોર્મ સામે વાંધો ઉઠાવ્યો હતો. અને ઉમેદવારી પત્ર રદ કરવાની માંગણી કરી હતી. જેને લઇને સોમવારે ચકાસણી દરમિયાન હાઇવોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. ચૂંટણી અધિકારીએ રાત્રે પત્રક માન્ય કે અમાન્ય રાખવા નિર્ણય જાહેર કરવા જણાવ્યું હતું. જો કે નિર્ણય પહેલા જ ચૂંટણી અધિકારી ઉમરગામના મામલતદાર ડી.સી બ્રાહ્મણકાચ્છે મોડી રાત્રે ટ્રેન નીચે પડતું મૂકી કોઇક કારણોસર આપઘાત કરી લીધો હતો. આખરે આજે અન્ય અધિકારીને જવાબદારી સોંપાયા બાદ પાંચમાંથી ચાર પત્રકો મંજૂર કરાયા છે. અપક્ષ ઉમેદવાર રાકેશ રાય અને તેની પત્ની રાજ્યશ્રી રાયનું ઉમેદવારી પત્રક મંજૂર કરવામાં આવ્યું છે.

વાપીના જજ પીએચડી થયા

વલસાડ : વલસાડની વાપી કોર્ટમાં એડિશનલ જજ તરીકે ફરજ બજાવતા ડો. હર્ષવદન નરસિંહભાઈ વકીલ પીએચડી થયા છે. તેમણે પોતાની આ ડિગ્રી ભાવનગર યુનિવર્સિટીની કાયદા વિદ્યા શાખામાંથી પ્રિન્સીપાલ ડો. જે. એ. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પીએચડી કરી હાંસલ કરી છે. તેમના સંશોધનનો વિષય બાળકોના અધિકારો અને બાળકોની જાતિય સતામણી અંગેની કાયદાકિય જોગવાઈઓ અને અદાલતોના ચૂકાદાઓના પરિપેક્ષમાં એક વિશ્લેષણાત્મક અભ્યાસ હતો. તેમની આ ઉપલબ્ધી બદલ ગુજરાતના ન્યાયાધીશો, વકીલો અને સમાજના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે. તેમણે આ સંશોધનમાં પીડીત તરફના તેમના માં-બાપ, સમાજ, ડોક્ટર અને પોલીસ અને ન્યાયતંત્રના વલણો પિડીત બાળકને હુંફ આપનારા હોવા જોઇએ એવું જણાવ્યું છે.

સમરોલીના બંધ ઘરમાંથી દાગીના અને અમેરિકન ડોલરની ચોરી

ઘેજ : ચીખલીના સમરોલીના જુના વલસાડ રોડ સ્થિત બંધ ઘરમાં તસ્કરો ૯.૯૮ લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. ફરિયાદી મોહન પટેલ (હાલ રહે. જુના વલસાડ રોડ સમરોલી) (મૂળ રહે.મલિયાધરા ગામ કુવા ફળીયા) ની માતાની તબિયત સારી ન હોય મંગળવારની રાત્રિના સમયે જમવાનું લઈ મલિયાધરા ગામે ગયા હતા. અને બુધવારની સવારના સમયે પરત આવી જોતા ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી કોઈ ચોર ઈસમો ઘરમાં પ્રવેશી પ્રથમ માળના કબાટોના તાળા તોડી સોનાની ચેઇન ત્રણ તોલા કિંમત રૂપિયા ૧.૨૦ લાખ, સોનાનું મંગળસૂત્ર ચાર તોલા કિંમત રૂપિયા ૧.૬૦ લાખ, સોનાનો પાટલો ત્રણ તોલા સહિતની મત્તા ચોરી જતા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ-પી.બી.પટેલીયા હાથ ધરી હતી.

ઉમરગામ મામલતદારના આપઘાત પ્રકરણમાં FSL ટીમની તપાસ

ઉમરગામ : ઉમરગામના મામલતદાર દલપતભાઈ બ્રાહ્મણકાચ્છે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લીધાના બનાવમાં તપાસ શરૂ થઈ છે. બુધવારે એફએસએલની ટીમે મામલતદાર ઓફિસ તથા ઉમરગામ ખાતેના ફ્લેટમાં તપાસ હાથ ધરી હતી. સરીગામ તાલુકા પંચાયત બેઠકના અપક્ષ ઉમેદવારનું ફોર્મ રદ કરવાની રજૂઆત સાથે ચૂંટણી અધિકારી ઉમરગામના મામલતદાર ડી સી બ્રાહ્મણકાચ્છ ઉપર દબાણ લાવવામાં આવતા માનસિક તણાવમાં ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. બુધવારે એફએસએલની ટીમ ઉમરગામ મામલતદાર કચેરી ખાતે ઓફિસમાં તેમજ ઉમરગામ ટાઉન ખાતે મામલેદારના ફ્લેટમાં જઈ તપાસ કરી હતી.જોકે કોઈ ચિઠ્ઠી કે ડાયરીમાં કઈ લખ્યું હોય એવું મળ્યું કે કેમ તે સત્તાવાર જાણવા મળ્યું નથી. મામલતદાર ઓફિસમાંથી કોઈ સીસીટીવી કેમેરાના ફૂટેજો રેકોર્ડિંગ હજી સુધી કબજે લેવામાં આવ્યા નથી.

કપરાડાની ખડવાળ તા. પં. બેઠકના આપના ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું

માંડવા જિ. પં.બેઠક ઉપર આશ્ચર્યજનક રીતે ઉમેદવાર ઊભો ન રાખતા કોંગ્રેસ કાર્યકરોમાં નારાજગી

કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યાને 48 કલાકમાં આગેવાનની પુત્રવધુને ભાજપની ટિકિટ મળી

વલસાડ: બુધવારે ઉમેદવારી ફોર્મ ખેંચવાના દિને કપરાડા તાલુકા પંચાયતની ખડકવાળ બેઠક ઉપર આપના ઉમેદવાર સુનિતા સહારેએ પોતાનું ઉમેદવારી પત્રક પરત ખેંચતા હવે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણી જંગ જામશે. નાનાપોંઢા તાલુકા પંચાયત બેઠક ઉપર એકપણ ઉમેદવારી પત્રક ખેંચાયુ નથી. માંડવા જિલ્લા પંચાયત બેઠક ઉપર કોંગ્રેસે ઉમેદવાર ઊભો ન રાખતા તર્ક વિતર્ક ઊભા થયા છે. આ વિસ્તારમાં મહત્તમ સરપંચ કોંગ્રેસના હોવા છતાં કોંગ્રેસે ઉમેદવાર ન રાખતા હોદ્દેદારોની નીતિરીતિ સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. આ બેઠક ઉપર કોંગ્રેસી અને થોડા મહિના સુધી આપમાં આંટો મારી આવેલા દશમાભાઈ ભાજપમાં આવ્યાને 48 કલાકમાં તેમની પુત્રવધૂને ભાજપે ટિકિટ ફાળવી હતી. જેને લઈ ભાજપ માટે કામ કરતા અને ટિકિટ માટે દાવેદારો નારાજ થયા છે. કંઈક એવી જ પરિસ્થિતિ નાનાપોંઢા જિલ્લા પંચાયત બેઠક ઉપર પણ ઉપસ્થિત થઈ રહી છે. જોકે નારાજ હોદ્દેદારો અને ટિકિટ વંચિતોને મનાવવા ભાજપે પ્રયાસ શરૂ કર્યા છે.